ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :૨૫/૦૮/૨૦૨૦

જાહેરનામા ક્રમાંક:જીએચકેએચ/૯૬/૨૦૨૦/જીસીએસ/૧૦/૨૦૨૦/૨૬૮/છ

<u>પ્રસ્તાવના:</u>

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૭૩ મુજબ નાણાંકીય વર્ષ પૂર્ણ થયા બાદ છ માસની સમયમર્યાદામાં તમામ સહકારી મંડળીઓએ સાધારણ સભા ફરજીયાત બોલાવવાની રહે છે. કોવિડ-૧૯ ની પરિસ્થિતિને ધ્યાને લઈ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ અનલોકની ગાઈડલાઈન ધ્યાને લેતા સહકારી મંડળીઓ માટે વાર્ષિક સાધારણ સભા સદરહુ સમયમર્યાદામાં યોજવી શક્ય બને તેમ નથી.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ- ૬૬(૨) મુજબ સહકારી મંડળીઓ નફાના કોઈ ભાગનો વિનિયોગ વાર્ષિક સાધારણ સભાની મંજુરી સિવાય અને અધિનિયમ, નિયમો અને ઉપ-નિયમોને અનુરૂપ હોય તે સિવાય કરી શકતી નથી, સદરહુ જોગવાઈને કારણે સહકારી મંડળીઓ સાધારણ સભાની મંજુરી વિના તેના સભાસદોને ડિવિડન્ડ વહેંચી શકતી નથી કે સહકારી સંસ્થા સાથે જોડાયેલ વ્યક્તિઓને વળતરની રકમ ચૂકવી શકતી નથી કે રાજ્ય સહકારી સંઘને શૈક્ષણિક ફંડ આપી શકતી નથી.

કોવિડ-૧૯ ની પરિસ્થિતિના કારણે લોકો જ્યારે આર્થિક સંકડામણ અનુભવી રહ્યા હોય ત્યારે સહકારી મંડળીના સભાસદોને તેમના નાણાંકીય હક્કો સમયસર મળે તે જરૂરી છે. આથી સહકારી મંડળીઓ વાર્ષિક સાધારણ સભામાં મંજુરી વિના પણ તેમના સભાસદો તથા સંસ્થા સાથે જોડાયેલ વ્યક્તિઓને મળવાપાત્ર ડીવીડન્ડ/વળતર જેવા નાણાંકીય લાભો આપી શકે તે માટે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૬૬ (૨) ની જોગવાઈમાંથી તમામ સહકારી મંડળીઓને મુક્તિ આપવી જરૂરી જણાતી હોય, નીચે મુજબ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

<u>જાહેરનામુ:</u>

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અન્વયે તમામ સહકારી મંડળીઓને વ્યવસ્થાપક કમીટીની મંજુરીથી આગામી સાધારણ સભામાં બહાલી મેળવવાની શરતે નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના નફાનો વિનિયોગ કરવા સારૂ કલમ-૬૬(૨) ની જોગવાઈમાંથી મુક્તિ આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અતુલ એન.પટેલ)
નાયબસચિવ
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ